# ગુરુજીની પાઠશાળાથી ડિજિટલ ક્લાસરૂમ સુધી બદલાયું શિક્ષણ જગત

હું તમને 25-30 વર્ષ પાછળ લઈ જાઉ છું. સ્કૂલનો એ જમાનો ક્લાસ રૂમમાં બ્લેક બોર્ડ દેખાતું, ટેબલ પર ચોક અને ડસ્ટર દેખાતા. ટીચર બ્લેક બોર્ડ પર જે લખતા તે વિદ્યાર્થીઓ નોટબુકમાં નોંધી લેતા. પછી આખું વર્ષ નોટબુક ખોલીને જે લખ્યું હતું તે વાંચવાનું. જરૂર પડી તો વધારે માહિતી પુસ્તકાલયમાંથી મેળવી લેવાતી. એ સમયે પણ ટ્યુશન ક્લાસ હતા પણ સ્કૂલો વિદ્યામંદિરો હતી. સ્કૂલમાં શિક્ષણ કાર્ય થતું રમતગમતના મેદાન હતા પણ સ્પોર્ટ્સ ગૌણ હતું. લોકો બાળકોને IAS ઑફિસર, કલેક્ટર, ડોક્ટર, ઈન્જીનિયર બનાવવા માંગતા એટલે જ્ઞાન માટે શિક્ષકો પર મદાર રખાતો. ધીરે ધીરે ટેકનોલોજીએ પગપેસારો કર્યો અને પછી એજ્યુકેશન સિસ્ટમમાં શું ફેરફાર આવ્યા? સમય બદલાતા ટીચરની ભૂમિકામાં શું બદલાવ આવ્યો, પહેલાંની સ્કૂલોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર શું હતું હવે સ્કૂલોનું સ્વરૂપ કેવું છે, સોટી વાગે ચમ ચમ વિદ્યા આવે ધમ ધમ એ કહેવત કઈ રીતે વિસારે પડી તે બધી વાતો 5મી સપ્ટેમ્બરે શિક્ષક દિવસને અનુલક્ષીને જાણીએ......



## ચોક અને બ્લેક બોર્ડનું સ્થાન સ્માર્ટ ડિજિટલ બોર્ડે લીધું

આજથી ત્રણેક દાયકા પૂર્વે દરેક સ્કૂલમાં બ્લેક બોર્ડ અને ચોક તો રહેતા જ. આ બંને શિક્ષકના મુખ્ય સાધન હતા. હવે ટેકનોલોજીના જમાનામાં વર્ગ ખંડનું શિક્ષણ પણ ડિજિટલ બની રહ્યું છે. સ્માર્ટ બોર્ડ પર શિક્ષક ફોટોગ્રાફ, વીડિયો, એનિમેશન, ચાર્ટ, પ્રેઝન્ટેશન દ્વારા વિષય સમજાવે છે. ડિજિટલ બોર્ડથી પ્રશ્નોતરી, ચિત્રો અને ઈન્ટરેક્ટિવ સામગ્રીનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને વિષયમાં વધારે સક્રિય બનાવાય છે. સ્માર્ટ ડિજિટલ શિક્ષણના આ યુગમાં હજી પણ જૂના વિદ્યાર્થીઓ માટે બ્લેક બોર્ડ પર સફેદ ચોકથી લખાતા અક્ષરો અને અક્ષરો ભૂંસવા માટેનું ડસ્ટર તથા શિક્ષકના બ્લેક બોર્ડ પરના અક્ષર હજી યાદોમાં જીવંત છે.

## પહેલા શોપિંગ સેન્ટરમાં સ્કૂલો ચાલતી હવે ઇન્ટરનેશનલ લેવલની સ્કૂલોનો જમાનો

સુરતમાં એવી સ્કૂલો પણ હતી જે શોપિંગ સેન્ટર, કોમર્શિયલ અને રેસિડેન્શિયલ બિલ્ડિંગના એકાદ માળ પર ચાલતી. ત્યારે શિક્ષણ પણ વર્ગ ખંડ પુરતું જ મર્યાદિત રહેતું






સમય બદલવાની સાથે સ્કૂલોની કલ્પના પણ બદલાઈ ગઈ છે. ઈન્ટરનેશનલ લેવલની સ્કૂલોમાં હવે બાળકો એજ્યુકેશન લેતા થયા છે. આવી સ્કૂલોમાં પુસ્તકિયા જ્ઞાન સાથે બાળકોમાં રહેલી સ્કિલને ડેવલપ કરવા માટેની સુવિધાઓ સ્કૂલમાં ઉભી કરાય છે. સ્કૂલના પ્રિમાયસીસમાં સ્વીમિંગ, ઘોડેસવારી જેવી પ્રવૃત્તિઓ શીખવાડવામાં આવે છે. આવી પ્રવૃત્તિઓ માટે સ્કૂલ કેમ્પસ મોટા જોઈએ એટલે સ્કૂલો સીટી બહાર જઈ રહી છે. ઈન્ટરનેશનલ લેવલની સ્કૂલોમાં આર્ટ, મ્યુઝિક, ડાન્સ અને થિયેટર માટે અલગ રૂમો હોય છે. ક્રિકેટ, ફૂટબોલ, બાસ્કેટબોલ, બેડમિન્ટન, એથ્લેટિક્સ માટેના મેદાન ઊભા કરાય છે.


## પહેલા રજિસ્ટરમાં હાજરી હવે પંચિંગ મશીનમાં થમ્બ

જો તમે 30 - 35 વર્ષના હશો તો તમને યાદ હશે સ્કૂલમાં સવારની શરૂઆત પ્રાર્થના બાદ શિક્ષકનાં હાથમાં રહેલા હાજરી પત્રકથી થતી. ટીચર ક્લાસમાં સ્ટુડન્ટ હજાર હોય તો રજિસ્ટરમાં તેના નામની આગળ P અને ગેરહાજર હોય તો A લખતા. હવે આમાં પણ ટેકનોલોજી આવી ગઈ છે. હવે હાજરી માટે બાયોમેટ્રિક અથવા પંચિંગ મશીનનો ઉપયોગ થાય છે. જોકે, કેટલીક સ્કૂલોમાં હજી પણ રજિસ્ટરમાં હાજરી પુરાય છે. જો કે, તેનો રેકોર્ડ રાખવો સમય માંગી લેતું કામ હતું. હવે ડિજિટલ હાજરીની સિસ્ટમમાં સમયની બચત થાય છે.



## વર્ષો પહેલાં કેલ્ક્યુલેટર નહીં પણ લૉગ ટેબલથી આંકડાકીય જ્ઞાન અપાતું

અત્યારે સ્કૂલોમાં બાળકો ગણિત માટે કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરે છે પણ 30-40 વર્ષ પહેલાં સ્કૂલોમાં વિદ્યાર્થીઓને લૉગ ટેબલથી આંકડાકીય જ્ઞાન આપવામાં આવતું, જેને લઘુગણક કોષ્ટક કહેવામાં આવે છે. ગણિતમાં મોટી અને અઘરી ગણતરીઓને સરળ અને ઝડપી બનાવવા માટે જે કોષ્ટકનો ઉપયોગ થાય છે, તે લૉગ ટેબલ. હવે તો કેટલાંય વિદ્યાર્થીઓને લૉગ ટેબલનો ખ્યાલ પણ નહીં હોય. એ સમયે લૉગ ટેબલ વિદ્યાર્થીઓ માટે માત્ર ગણતરીનું સાધન નહોતું, પરંતુ વિદ્યાર્થીની ગણિતીય સમજ, ટેબલ વાંચવાની કુશળતા વિકસાવવાનું શૈક્ષણિક સાધન પણ હતું.



## પહેલા માહિતીના સ્ત્રોત ટીચર-લાઇબ્રેરી, હવે ડિજિટલ પ્લેટફોર્મ

પહેલા સ્ટુડન્ટ્સ સ્કૂલોમાં ટીચર્સ જે ભણાવે તે મગજમાં ઉતારતા અને વધારે માહિતી લાઈબ્રેરીમાંથી મેળવતા. જોકે, હવે માહિતીના સ્ત્રોત વધી ગયા છે. પહેલા તો ટેપ રેકોર્ડ મૂકીને બજેટની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવતી. હવે ઈન્ટરનેટ, સર્ચ એન્જિન AI, PDF, યુટ્યુબ વીડિયો, એજ્યુકેશનલ વેબસાઈટ્સ, ઈ-બુક્સ, ઓનલાઈન કોર્સ અને બીજા ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ વિદ્યાર્થીઓ માટે માહિતીના મહત્ત્વના સ્ત્રોત બન્યા છે.

## સોટી વાગે ચમ ચમ વિદ્યા આવે ધમ ધમ એ હવે ભુલાયું



પહેલાંના સમયમાં સ્કૂલોમાં, વિદ્યાર્થીઓમાં 'સોટી વાગે ચમ ચમ, વિદ્યા આવે ધમ ધમ' કહેવત પ્રચલિત હતી. એ સમયે તોફાની, ભણવામાં ધ્યાન નહીં આપતા બાળકોને આ કહેવત પ્રમાણે હથેળી પર ડસ્ટર કે સોટીના ચબખાની સજા અપાતી. ક્લાસ બહાર, બેન્ચ પર ઉભા રહેવાની પનીશમેન્ટ આપવામાં આવતી. પણ 2009ના કાયદા પ્રમાણે સ્કૂલમાં વિદ્યાર્થીને શારીરિક કે માનસિક પનીશમેન્ટ નથી આપી શકતા માત્ર આ બાબતે વાલીઓને જાણ કરવાની રહે છે.

## પહેલા વિદ્યાર્થીઓ શિક્ષકથી ડરતા હવે ટીચર ફેસિલિટેટર બન્યા છે

SMCની એક સ્કૂલના ટીચર નરેશભાઈ મહેતાએ જણાવ્યું કે, એક સમય એવો હતો કે, સ્ટુડન્ટ્સ ટીચરથી ડરતા હતા. સ્કૂલ ટીચર પોતાની સોસાયટીમાં આવ્યા છે તેની ખબર વિદ્યાર્થીને પડે તો બાળક ભાગીને ઘરે ચાલ્યા જતા. હવે શિક્ષક વિદ્યાર્થીઓના ફેસિલિટેટર બન્યા છે. સ્ટુડન્ટ્સ ટીચરને મિત્ર, ગાઇડ તરીકે જુએ છે, જે બહુ સારી વાત છે. પહેલા વર્ગખંડમાં ટીચર બોલે અને વિદ્યાર્થી સાંભળે એને જ શિક્ષણની મુખ્ય પદ્ધતિ માનવામાં આવતી. હવેના શિક્ષક વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછવા, પોતાની રીતે માહિતી શોધવા, ચર્ચા કરવા માટે પ્રોત્સાહન આપે છે. પહેલા વાર્ષિક પરીક્ષામાં આખા સિલેબસમાંથી પ્રશ્ન પૂછવામાં આવતા. હવે સેમેસ્ટર પ્રથામાં પ્રથમ સેમેસ્ટરના કોર્સના પ્રશ્ન બીજા સેમેસ્ટરની પરીક્ષામાં નથી પૂછાતા.



## સ્માર્ટ AI એજ્યુકેશનને કારણે બાળકોની સર્જનાત્મકતા ઓછી થઈ રહી છે

શહેરની એક નામાંકિત સ્કૂલના પ્રિન્સિપાલ દિપીકાબેન શુક્લ દ્વારા જણાવવામાં આવ્યું કે, હવે સ્માર્ટ બોર્ડથી એજ્યુકેશન, ઓનલાઇન એજ્યુકેશન, શિક્ષણ ક્ષેત્રમાં AIનો ઉપયોગ વધતા વાલીઓનો અને શિક્ષકોનો સ્ટ્રગલ ઓછો થયો છે. વાલીઓ હવે બાળકોને ભણવા માટે મોબાઇલ ફોન પકડાવી દે છે, કેલ્ક્યુલેટર આપી દે છે એટલે હવે વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ પર વિપરીત અસર પડી રહી છે. સ્કૂલો બાળકોને ભણાવવા ઉપરાંત તેમનામાં સંસ્કારોનું, કલ્ચરનું સિંચન કરે છે છતાં હવે વાલીઓ સ્કૂલ કરતા ટ્યુશન ક્લાસને વધારે મહત્ત્વ આપે છે. પહેલા ઘરોમાં બાળકોને શીખવાડવામાં આવતું ગુરુદેવો ભવઃ, શાળાએ સરસ્વતિનું મંદિર છે. હવે બાળકોને ઘરોમાં આવું નથી શીખવાડવામાં આવતું. છેલ્લા ત્રણ દાયકામાં શિક્ષણ ક્ષેત્રમાં ઘણો બદલાવ આવ્યો છે જે સારો પણ છે અને એના નેગેટિવ પોઈન્ટ્સ પણ છે. હવે CCTV સિક્યોરિટી, ફાયર સેફ્ટીની સુવિધા વધી છે.




---

ગજેન્દ્ર મજીઠિયા

'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..

## ભલે ફરે વાંદા અને ફરે ઉંદર, અમારી મીઠાઈ જશે લોકોના પેટની અંદર...




ફૂડ પોઈઝનિંગમાં ભલે લોકો મરતા પણ અમે નથી કોઈનાથી પણ ડરતા... કરીશું અમે ભેળસેળ છડેચોક, કોઈ નહીં કરી શકશે અમને રોકટોક... ફરશે અમારા કિચનમાં વાંદા અને ઉંદર, છતાંય અમે વેચતાં રહીશું સામાન બરોબર... ગ્રાહકોની મીઠાઈને ચાખશે પહેલા ઉંદર, વેચીને તે મીઠાઈ અમે બનીશું સિકંદર... જો આવે પાડવા દરોડા, આરોગ્ય અને ફૂડ વિભાગ, આપી દઈશું અમે તેમને તેમનો પણ ભાગ...

---

નવનાથ સંપ્રદાયના ગુરુ ગોરખનાથના આશીર્વાદ, વીર ઘોઘારાવની પૌરાણિક કથા અને સુરતની ૨૦૦ વર્ષ જૂની મેઘરાજા છડી પરંપરાનો જીવંત સાંસ્કૃતિક સંગમ....

# આસ્થાનો અનોખો પર્વ 'છડી નોમ'

શ્રાવણ વદ નોમના પવિત્ર દિવસે ઉજવાતી 'છડી નોમ' એ લોકઆસ્થા અને ભક્તિનું અનોખું પર્વ છે. ખાસ કરીને વાલ્મીકિ, ખારવા અને ભોઈ સમાજ દ્વારા શ્રાવણ સુદ પૂનમે તાપી નદીના કિનારે જઈ વાંસ કે બળવની છડીનું શાસ્ત્રોક્ત પૂજન કરવામાં આવે છે. આઠ દિવસ સુધી છડીની સ્થાપના કરી નોમના દિવસે ભવ્ય લોકોત્સવ ઉજવાય છે.

આ પર્વની આધ્યાત્મિક કડી નવનાથ સંપ્રદાય સાથે અતૂટ રીતે જોડાયેલી છે. ગુરુ મત્સ્યેન્દ્રનાથના પરમ શિષ્ય ગુરુ ગોરખનાથે ધર્મપ્રચાર અર્થે દંતખેડા ગામે મઠ સ્થાપ્યો હતો. ત્યાંના રાજા જાહલના પત્ની રાણી બાછળને ગોરખનાથજીએ આપેલા દિવ્ય વરદાન અને જડીબુટ્ટીના પ્રભાવથી જ આગળ જતાં વીર ઘોઘારાવનો જન્મ થયો હતો. દંતકથા અનુસાર, રાજા જાહલના પત્ની રાણી બાછળ વર્ષો સુધી નિઃસંતાન હોવાથી શેર માટીની ખોટ અનુભવતા હતા. દંતખેડા પધારેલા ગુરુ ગોરખનાથે તેમની ભક્તિ જોઈ પૂર્ણિમાના દિવસે સંતાનપ્રાપ્તિ માટે દિવ્ય મંત્ર અને જડીબુટ્ટી આપવાનું વચન આપ્યું. બાછળની હૂબહૂ તેમના જેવી જ દેખાતી જુડવા બહેન કાછળ પણ નિઃસંતાન હતી. ઈર્ષ્યાવશ કાછળે બાછળ પહેલાં પહોંચીને ગોરખનાથ પાસેથી છેતરપિંડીથી મંત્ર અને જડીબુટ્ટી મેળવી લીધા. પાછળથી જ્યારે રાણી બાછળ પહોંચ્યા ત્યારે ગુરુ ગોરખનાથ પોતાની દિવ્યદ્રષ્ટિથી સમગ્ર સ્થિતિ પામી ગયા. વચનબદ્ધ ગોરખનાથે બાછળને પણ દિવ્ય જડીબુટ્ટી આપી આશીર્વાદ આપ્યા, પરંતુ કપટથી જડીબુટ્ટી લેવા બદલ કાછળના સંતાનોનો નાશ થશે તેવો સંકેત પણ આપ્યો.

કાળક્રમે રાણી કાછળને સૃજન અને ઉર્જન નામના બે પુત્રો થયા, જ્યારે રાણી બાછળના ઘરે અતિ પરાક્રમી પુત્ર ઘોઘારાવનો જન્મ થયો. ઘોઘારાવ ઉમરલાયક થતાં તેમના લગ્ન મંગલદીપની રાજકુમારી સિરિયાલ સાથે સંપન્ન થયા. જ્યારે ઘોઘારાવનો ભવ્ય રાજ્યાભિષેક થયો, ત્યારે ઈર્ષ્યાથી સળગી ઊઠેલા સૃજન અને ઉર્જને દિલ્હીના રાજા પૃથ્વીસિંહની સેના સાથે મળીને હુમલો કર્યો. આ ઘમાસાણ યુદ્ધમાં ઘોઘારાવે સૃજન અને ઉર્જન બંનેનો વધ કર્યો. પુત્રોના મૃત્યુથી ક્રોધિત રાણી કાછળે ઘોઘારાવને મહેલ છોડી ચાલ્યા જવાનો આદેશ આપ્યો. માતાના કડવા વચનોથી વ્યથિત થઈ ઘોઘારાવ ગુરુ ગોરખનાથના શરણે ગયા અને કઠોર યોગવિદ્યા શીખી ધરતીમાં સમાઈ ગયા. પોતાના પતિના અચાનક વિયોગથી ભાંગી પડેલી પત્ની સિરિયાલે ઘોઘારાવને પામવા માટે એક પગે ઊભા રહી આકરું તપ આદર્યું. પત્નીના અનન્ય પ્રેમ અને તપથી પ્રસન્ન થઈ ઘોઘારાવ પ્રગટ થયા અને તેમને રોજ રાત્રે મળવા આવવાનું વચન આપ્યું.

એક રાત્રે પુત્રને મળવા આવતો જોઈ માતા બાછળ પુત્રમોહમાં વ્યાકુળ થઈ ઘોઘારાવનો હાથ પકડી લે છે. ઘોઘારાવે દુઃખી મને કહ્યું કે માતાને પોતાના આગમનની જાણ થઈ ચૂકી હોવાથી હવે તેઓ રોજ નહીં આવી શકે, પરંતુ વર્ષમાં માત્ર "સાડા ત્રણ દિવસ" માટે જ પૃથ્વી પર પધારશે. આ પૌરાણિક કથાના સ્મરણ અને આગમનના પ્રતીકરૂપે ભક્તો શ્રદ્ધાપૂર્વક છડી ઝૂલાવે છે. આ દૈવી છડી માત્ર ઘોઘારાવનું જ નહીં, પરંતુ તેમની જનની માતા બાછળનું પણ સાક્ષાત્ સ્વરૂપ માનવામાં આવે છે.



નોમના દિવસે સુરતના માર્ગો પર ઢોલ-નગારાના તાલે છડીદારો દ્વારા પવિત્ર છડીને હવામાં અદ્ભુત રીતે ઝૂલાવવામાં આવે છે. અલગ અલગ મહોલ્લાઓની છડીઓ સામસામે મળતાં પરસ્પર ભાવપૂર્ણ 'છડી મિલન' થાય છે

નોમના દિવસે સુરતના માર્ગો પર ઢોલ-નગારાના તાલે છડીદારો દ્વારા પવિત્ર છડીને હવામાં અદ્ભુત રીતે ઝૂલાવવામાં આવે છે. અલગ અલગ મહોલ્લાઓની છડીઓ સામસામે મળતાં પરસ્પર ભાવપૂર્ણ 'છડી મિલન' થાય છે. લોકો માથા પરથી છડી પસાર કરાવી દુઃખમુક્તિ મેળવે છે અને બાળકોને છડીની દોરી બાંધી સ્વાસ્થ્ય રક્ષાની પ્રાર્થના કરે છે.




છડી ઉત્સવ સાથે મેઘરાજાની સવારી અને અનોખો ચમત્કાર જોડાયેલો છે. ઐતિહાસિક લોકવાયકા મુજબ, છપ્પનિયા દુકાળ પહેલાં જ્યારે ભયંકર દુષ્કાળ પડ્યો અને પ્રજા પાણીના ટીપે-ટીપે ટળવળતી હતી, ત્યારે ભોઈ સમાજના લોકોએ માટીમાંથી મેઘરાજાની મૂર્તિ ઘડીને અનન્ય ભક્તિથી પ્રાર્થના કરી. વરસાદ ન વરસતાં ભોઈ સમાજે સાચા હૃદયની હઠ સાથે મેઘરાજાને ચેતવણી આપી કે જો સવાર સુધીમાં નહીં વરસો તો તલવારથી મૂર્તિ ખંડિત કરીશું. આ નિખાલસ ભક્તિથી પ્રસન્ન થઈ સવાર થતાં જ મુશળધાર વરસાદ વરસ્યો હતો. આ ઘટના બાદ છેલ્લા ૨૦૦ વર્ષથી અમુક પ્રદેશોમાં માટીના મેઘરાજાની મૂર્તિ ઘડી તેમની સવારી કાઢવામાં આવે છે.

વારસાની વરિયાળી

સુરતમાં આવેલા "પીર છડી રોડ"નું નામ છડી મહોત્સવ સાથે સંકળાયેલું છે અને આજની તારીખે પણ છડી નોમને દિવસે આ રોડ પર ખૂબ સુંદર અને કલાત્મક રીતે શણગારાયેલી છડીઓ હારબદ્ધ તમને જોવા મળે.